

## Cadaver Organ Donor Jayesh Babubhai Goyani

# रत्न कलाकार ने मौत के बाद बचाई 3 जिन्दगी

बीओटी संवाददाता
सूरत, 21 दिसम्बर

शहर में अंगदान के प्रति बढ़ रही जागरूकता का असर दिखने लगा है। एक मृतक के परिजनों के सहयोग के कारण कई जिन्दगियां बच रही हैं। ऐसे ही एक मामले में रत्न कलाकार ने मौत के बाद भी तीन जिन्दगी को अंगदान के माध्यम से बचाया।

मिली जानकारी के मुताबिक जयेश बाबुभाई गोयाणी (29 वर्ष) ब्लड ग्रुप बी+, वराछा स्पीनिंग मिल के बगल में हीरा कारखाने में नौकरी करता था। उसके पिता भी रत्न कलाकार हैं, परिवार में मां, पत्नी के अलावा एक छह वर्षीय पुत्री है। 18 दिसम्बर को नौकरी के समयकाल के दौरान शाम 6.30 बजे के आसपास जयेश लघुशंका करने के लिए बाथरूम गया। लेकिन लम्बा समय बीतने के बाद भी वह बाथरूम से बाहर नहीं आया। सहयोगी कर्मचारियों ने जब दरवाजा खटखटाया तो कोई जवाब नहीं मिला। जिसके बाद उन्होंने दरवाजा तोड़कर देखा तो जयेश बेहोश पड़ा था। वहां से तत्काल उसे ईलाज के लिए पीपी सवाणी अस्पताल ले जाया गया। सीटी स्कैन करने के बाद चिकित्सकों ने जयेश को ब्रेन हेमरेज का शिकार बताया। जयेश के दिमाग में खून का थक्का जम गया था। जिसके बाद उसे आशुतोष हास्पिटल में शिफ्ट कर दिया गया। न्यूरो सर्जन ने क्रेनोटोमी कर दिमाग में जमा खून की गांठ दूर की। लेकिन 20 दिसम्बर को उसे ब्रेनडेड डिक्लियर कर दिया गया। जिसके बाद डोनेट लाईफ संस्था को मामले की जानकारी दी गई। संस्था के प्रमुख तथा मृतक के परिजनों ने आपसी सहमती के बाद अंगदान करने का निर्णय किया। अहमदाबाद की टीम ने आकर दो किडनी, पैंक्रियाज तथा लीवर का दान स्वीकार किया। जबकि दोनों आंखें स्थानीय लोकदृष्टि चक्षु बैंक को दी गई। पैंक्रियाज तथा एक किडनी करमसद के 32 वर्षीय प्रवीण पटेल तथा दूसरी किडनी अहमदाबाद की 41 वर्षीय रेखाबेन को ट्रांसप्लांट की गई। जबकि लीवर वडोदरा के प्रदीप शाह को

# अंगदान से तीन को मिला नया जीवन



## हीरा कारखाने के मैनेजर को ब्रेन डेड घोषित किए जाने के बाद अंगदान

सूरत. एक हीरा कारखाने के मैनेजर को ब्रेन डेड घोषित किए जाने के बाद उसके अंगदान से तीन जनों को नई जिंदगी मिली है।

वराछा ईश्वरकृपा विभाग एक निवासी जयेश बाबू गोयाणी (29) स्पिनिंग मिल के पास हीरा कारखाने में मैनेजर था। 18 दिसम्बर की शाम वह कारखाने के बाथरूम में बेहोश हो गया। उसे पीपी सवाणी अस्पताल ले जाया गया। सीटी स्कैन में ब्रेन हेमरेज की जानकारी मिली और दिमाग में रक्त की गांठ जमने की पुष्टि हुई। आशुतोष अस्पताल में न्यूरो सर्जन डॉ. किरीट शाह ने क्रेन्योटोमी के जरिए गांठ को दूर किया। 20 दिसम्बर को डॉ. किरीट तथा न्यूरो फिजिशियन डॉ. अनिरुद्ध आप्टे ने जयेश को ब्रेन डेड घोषित कर दिया। डोनेट लाइफ प्रमुख नीलेश मांडलेवाला ने उसके परिजनों को अंगदान के बारे में समझाया। उनकी सहमति मिलने के बाद उन्होंने आईकेडीआरसी की ट्रांसप्लांट कॉर्डिनेटर प्रिया शाह तथा डॉ. प्रांजल मोदी से सम्पर्क किया। चिकित्सकों की टीम सूरत पहुंची और पेन्क्रियाज, दो किडनी तथा लीवर का दान स्वीकार किया। चक्षुओं का दान लोकदृष्टि चक्षु बैंक के डॉ. प्रफुल शिरोया ने स्वीकारा। दान में मिले पेन्क्रियाज और एक किडनी का ट्रांसप्लांट करमसद निवासी रतीन प्रवीण पटेल (32), दूसरी किडनी अहमदाबाद निवासी रेखा जयसुख धंधाणिया (41) तथा लीवर वडोदरा निवासी प्रदीप नवनीतलाल शाह (58) में किया गया।

" जवानीमें रक्तदान दिमागके मृत्युबाद(ब्रेईनडेड) किडनी, लिवर और हृदयदान . . . "

# ब्रेनडेड जयेशभाई ने किया अंगदान

## पैन्क्रियास व किडनी को एक ही शरीर में किया प्रत्यारोपण



# બ્રેનડેડ યુવાન જયેશભાઈના અંગદાનથી ચારને નવજીવન મળ્યું



# બ્રેઈન ડેડ યુવાનનું અંગદાન કરી ગોયાણી પરિવારે સમાજને નવી દિશા બતાવી

**સુરત તા. ૨૧**

હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવતો જયેશ ૧૮ ડીસેમ્બરે વરાછા સ્પીનીંગ મિલની બાજુમાં આવેલ હીરાના કારખાનામાં સાંજે બાથરૂમમાં ગયો હતો જે અડધો કલાક સુધી બહાર ન આવતા સહકર્મચારીઓએ દરવાજો તોડતાં જયેશ બેભાન પડ્યો હતા. તેથી તેમને તાત્કાલિક પી. પી. સવાણી હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં દાખલ કરી સીટી સ્કેન કરાવતાં મગજમાં બ્રેઈન હેમરેજ હોવાનું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. વધુ સારવાર માટે તેમને આશુતોષ હોસ્પીટલમાં કેન્યોટોમી કરાઈ હતી. મંગળવારે તબીબોએ જયેશને બ્રેઈન ડેડ જાહેર કર્યો હતો.



ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાને જયેશના બ્રેનડેડ અંગેની જાણકારી આપતા ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી જયેશના પિતા બાબુભાઈ, મોટાકકા મનજીભાઈ, ગોકુળભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પરિવારે અંગદાનની સંમતિ આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલુ પેન્ક્રીઆસ અને એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરમસદના રહેવાસી યતીન પ્રવીણભાઈ પટેલ (ઉ. વ. ૩૨)માં અને બીજી કિડની અમદાવાદના રેખાબેન જયસુખભાઈ ભેંસાણીયા (ઉ. વ. ૪૧)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર વડોદરાના રહેવાસી પ્રદીપભાઈ નવનીતલાલ શાહ (ઉ.વ. ૫૮)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. જયારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલભાઈ શિરોયાએ સ્વીકાર્યું હતું.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૩૮ કિડની, ૬૫ લીવર, ૪ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૬ ચક્ષુઓનો દાન મેળવીને ૪૦૯ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**એક જ વ્યક્તિમાં પેન્ક્રીઆસ અને કિડનીનું ડ્યુઅલ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું**

# વરાછાના બ્રેઈનડેડ જયેશ ગોયાણીનું અંગદાન: ડોનેટ લાઈફ પ્રથમવાર કિડની અને પેન્ક્રિયાનું દાન સ્વીકાર્યું

સુરત તા ૨૧

વરાછા રોડ સ્પિનિંગ મિલ પાસેના એક હીરાના કારખાનાના મેનેજરને બ્રેનહેમરેજ થતા તબીબો દ્વારા બ્રેનડેડ જાહેર કરાયા હતા, જેમના અંગોનું દાન ડોનેટલાઈફ સંસ્થાએ સ્વીકાર્યું હતું .

આ અંગે જાણવા મળતી વિગતો મુજબ,વરાછા રોડ સ્પીનિંગમીલની બાજુમાં આવેલી ઈશ્વરકૃપા વી.૧ માં રહેતા જયેશ બાબુભાઈ ગોયાણી ઉ.વ 29 મૂળ રહે સુખપર તા. ગારિયાધાર જી ભાવનગર ઘર નજીક આવેલા હીરાના કારખાનામાં મેનેજર તરીકે નોકરી કરે છે, બે દિવસ અગાઉ જયેશગોયાણી ઓફિસના બાથરૂમમાં ગયા બાદ અચાનક જ બેભાન થઈ ગયા હતા, સ્થાનના માણસો તાત્કાલિક જયેશને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા, ત્યારબાદ વધુ સારવાર માટે લાલદરવાજાની આશુતોષ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા બે દિવસની સારવાર બાદ તબીબો એ જયેશગોયાણીને બ્રેનડેડ જાહેર કર્યા હતા, ત્યારબાદ ડોનેટ લાઈફના નિલેશ માંડલેવાલા એ જયેશગોયાણીના પરિવારના સભ્યો નો સંપર્ક કરીને



## હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવતાં જયેશ બે દિવસ પહેલાં ઓફિસના બાથરૂમમાં બેભાન થઈ ગયા હતા, કિડની, લીવર આંખ અને પેન્ક્રિયાસના દાનથી ચારને નવજીવન મળ્યું

અંગદાન બાબતે સમજાવ્યું હતું, સભ્યોએ મંજૂરી આપતા જયેશ ગોયાણીના કિડની લીવર ચક્ષુઓ તેમજ પેન્ક્રીઆસનું પણ દાન લીધું હતું, પહેલીવાર કોઈ દર્દીના કિડની અને પેન્ક્રીઆસ નું દાન ડોનેટલાઈફ સંસ્થા દ્વારા લેવામાં આવ્યું હતું અંગદાન થી ચાર લોકો ને નવું જીવન મળ્યું હતું।

# ગોયાણી પરિવારે પુત્રના અંગોનું દાન કરી માનવતા મહેકાવી

સુરત. ભારતીય પરંપરાઓમાં અંગદાનને શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે. ખાસ કરીને દાનવીર કર્ણની ભૂમિ માનવામાં આવે છે એવા સુરતમાં પરિવારના કોઈ સભ્યોનું દેહાંત થાય ત્યાર બાદ તેમના અંગોનું દાન કરી માનવતા મહેકાવવાના દાખલાઓ જોવા મળે છે. આવો જ એક દાખલો સામે આવ્યો છે.

ઈશ્વરકૃપા, વરાછામાં રહેતા અને હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવતા જયેશભાઈ બાબુભાઈ ગોયાણી(ઉ.વ.૨૮) ગત ૧૮મીના રોજ પોતાના કારખાનામાં નોકરી દરમિયાન



બેભાન થઈ ગયા હતા. ત્યાર બાદ સારવાર દરમિયાન ડોક્ટરે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હતો તેનું નિદાન કર્યું હતું. ૨૦મીના રોજ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશભાઈ માંડલેવાલાનો સંપર્ક કરતાં નિલેશભાઈએ

જયેશભાઈના પરિવારજનોને અંગદાન માટે સમજાવ્યા હતા. પરિવારજનોએ અંગદાન માટે સહમતિ દર્શાવતાં જયેશભાઈની બંને કિડની, પેન્ક્રીયાસ, લીવર અને ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું. જયેશભાઈની એક કિડની અને પેન્ક્રીઆસ કરમસદના વતની પ્રવીણભાઈ પટેલ, બીજી કિડની અમદાવાદના રેખાબેન જયસુખભાઈ ભેંસાણીયાને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી. જ્યારે લીવર વડોદરાના પ્રદીપભાઈ નવનીતલાલ શાહને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું અને બંને ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેન્કે સ્વીકાર્યું.

## ગારિયાધારના સુખપરના વતનીનું અંગદાન કરાયું

# હીરાના મેનેજરના લીવર અને બે કિડનીથી 3ને નવજીવન મળ્યું

હેલ્થ રિપોર્ટર | સુરત

વરાછામાં એક હીરાના કારખાનાના મેનેજર સારવાર દરમિયાન બ્રેનડેડ થઈ ગયા હતો, જેના પરિવાર તેના અંગનું દાન કરી એક વ્યક્તિને જીવન આપી માનવતા મહેકાવી હતી.

મૂળ ભાવનગરના ગારીયાધારના સુખપર ગામના અને હાલ વરાછામાં ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતો જયેશ બાબુભાઈ ગોયાણી (29) વરાછા સ્પિનિંગ મીલ પાસે એક હીરાના કારખાનામાં મેનેજર હતા. બ્રેનડેડ થતા મંગળવારે રાત્રે જયેશ તબીયત ગંભીર બની ગઈ હતી.

તબીબે જયેશને તપાસતા તે બ્રેનડેડ થયો હોવાનું જણાયું હતું. જેથી ત્યાંના તબીબે તાત્કાલિક ડોનેટ લાઈફનો સંપર્ક કરી આ અંગેની જાણ કરી હતી. જેમણે જયેશના પિતાન બાબુભાઈને અંગદાનનું મહત્વ સમજાવતા બાબુભાઈ સહમત થયા હતા. પરિવારની સંમતી મળતા ડોનેટ લાઈફે જયેશની બે કિડની પૈકી એક કિડની કરમસદમાં રહેતા વતીન પ્રવિણ પટેલને અને બીજી કિડની અમદાવાદના રેખા જયસુખ ભેંસાણીયાને આપી હતી. જ્યારે લીવર વડોદરાના પ્રદીપ નવનીતલાલ શાહને આપી હતી.

# કારખાનાના બાથરૂમમાં બેભાન થઈ બ્રેઈનડેડ થયેલા રત્નકલાકારના અંગોનું દાન

## એક સ્વાદુપિંડ, બે કિડની, લીવર અને બે ચક્ષુઓનું દાન કરી જયેશ બાબુભાઈ ગોયાણી અનેકને નવી જિંદગી આપી ગયા



સુરત: કાપોદ્રા સ્પીનીંગ મીલની બાજુમાં આવેલા હીરાના કારખાનામાં બાથરૂમમાં લઘુશંકા કરવા ગયેલા મેનેજર, બાથરૂમમાં બેભાન થઈ જતા તેઓના મગજમાં લોહીની ગાંઠ થઈ ગઈ હતી. જેના કારણે તેઓ બ્રેઈનડેડ થઈ જતા તેઓના અંગોનું પરિવાર દ્વારા દાન કરી માનવતાની મહેક ફેલાવી છે. જોકે યુવાન પિતાના મોતથી એકની એક દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે.

મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના સુખપર ગામના રહીશ અને હાલ કાપોદ્રા સ્પીનીંગ મીલની પાછળ ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતા ૨૯ વર્ષિય જયેશ બાબુભાઈ ગોયાણી ઘર નજીકના હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવી રહ્યા હતા. જયેશભાઈ ગઈ તા.૧૮મી ડિસેમ્બરના રોજ હીરાના કારખાનામાં ફરજ દરમિયાન લઘુશંકા કરવા માટે સાંજે બાથરૂમમાં ગયા હતા. ત્યારે જ સતત અડધો કલાક સુધી જયેશભાઈ બહાર ન આવતા સહકર્મચારીઓએ બાથરૂમનો દરવાજો ખખડાવ્યો હતો પરંતુ તેનો કોઈ પ્રતિસાદ ન મળતા સહકર્મચારીઓએ બાથરૂમનો દરવાજો તોડતા જયેશભાઈ બેભાન અવસ્થામાં પડ્યા હતા. તેથી જયેશભાઈને તાત્કાલિક પી.પી.સવાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં સારવાર શરૂ કરતાની સાથે જ જયેશભાઈના મગજમાં બ્રેઈન હેમરેજ હોવાનું માલુમ પડ્યું હતું અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હતો. જ્યાંથી વધુ સારવાર માટે તેઓને સગરામપુરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહ તથા ન્યુરોફિઝીશ્યન ડૉ. અનિરૂધ્ધ આપ્ટેએ સારવાર શરૂ કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો પરંતુ બે દિવસની સારવાર બાદ જયેશભાઈને ડૉક્ટરોએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

બીજી તરફ આ મામલે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરતા તેઓ પણ હરકતમાં આવી ગયા હતા અને હોસ્પિટલમાં પહોંચી જઈ પરિવારને જયેશભાઈના અંગોના દાન માટે સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. જેથી બ્રેઈન ડેડ જયેશભાઈના પિતા બાબુભાઈએ તુરંત જ અંગદાનની મંજુરી આપી હતી. જેના પગલે ડૉક્ટરો અને ડોનેટ લાઈફના સભ્યોએ બ્રેઈન ડેડ જયેશભાઈનું સ્વાદુપિંડ કે જે માણસના શરીરમાં પાચનરસ તૈયાર કરે છે. ઉપરાંત બે કિડની, એક લીવર અને બે ચક્ષુઓનું દાન કરાવ્યું હતું. જયેશભાઈનું સ્વાદુપિંડ અને એક કિડની કરમસદના રહેવાસી યતીન પ્રવિણભાઈ પટેલ અને બીજી કિડની અમદાવાદના રહેવાસી રેખાબેન જયસુખભાઈ ભેંસાણીયામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે લીવર વડોદરાના રહેવાસી પ્રદિપભાઈ નવનીતલાલ શાહમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉક્ટર પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું હતું.

## લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ જયેશ બાબુભાઈ ગોયાણીના અંગોનું દાન કરી માનવતા પ્રસરાવી

### એક જ વ્યક્તિમાં પેન્ક્રીઆસ અને કિડનીનું ડ્યુઅલ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું



■ સુરત, તા. ૨૧

[illegible]

## વરાછાના યુવાને અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી

(પ્રતિનિધિ દ્વારા) સુરત,ગુરૂવાર

વરાછાના હીરાના કારખાનામાં અચાનક બેભાન થયા બાદબ્રેઈન ડેડ જાહેર થયેલા યુવાને કીડની. લીવર, પેન્ક્રીયાસ, ચક્ષુનુ દાન કરીને ગોયાણી પરિવારે સમાજને નવી દિશા બતાવી માનવતા મહેકાવી હતી.

### બ્રેઈડેડ જયેશ ગોયાણીના અંગોના દાનથી ચાર વ્યક્તિને નવજીવન અને આંખોની રોશની મળી

સુત્રો પાસેથી મળેલી વિગત મુજબ મુળ ભાવનગરના ગારીયાધરના સુખપરગામના વતની અને હાલમાં વરાછામાં સ્પીનીંગ મિલ પાસે ઇશ્વરકૃપા સોસાયટીમાં રહેતા જયેશ બાબુભાઇ ગોયાણી (ઉ.વ.૨૯) ગત તા. ૧૮ મીએ ઘર પાસે હીરાના કારખાનામાં મેનેજર તરીકે ફરજ બજાવવા ગયા હતા. ત્યારે તે બાથરૂમમાં પડી જતા બેભાન થયા બાદ ખાનગી હોસ્પિટલમાં તા. ૨૦મીએ બ્રેઇનડેડ જાહેર કરાયા હતા. ત્યારબાદ ડોનેટ લાઇફ દ્વારા તેમના પરિવારને અંગદાન અંગે સમજ અપાતા પરિવારે અંગદાન માટે સંમતિ આપી હતી.

બાદમાં તેમની બે કિડની, પેન્ક્રીયાસ, લીવર, અને ચક્ષુનું દાન કરાયું હતું. એક કિડની અને પેન્ક્રીયાસ કરનાળના યતીનભાઇ પટેલ (ઉ.વ.૩૨)માં અને બીજી કિડની અમદાવાદના રેખાબેન ભેંસાણીયા (ઉ.વ.૪૧) તથા લીવર વડોદરાના પ્રદિપભાઈ શાહ (ઉ.વ.૫૮) માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.